Year : 1 | Volume : 3 | Page : 40 | July 2020

Founded in 1985

A quarterly magazine for members of Machine Tools Manufacturers' Association - Rajkot

# MTMA & YOU

*Let's grow Technocracy with Humanity*




**MMT Expo 2020 @ NESCO Mumbai**

**Members' Achievements**






**COVID 19: MTMA's Social Responsibilities**

www.mtmarajkot.org

## Board of Directors



**YOGIN CHHANIARA**
PRESIDENT



**HARESH PATEL**
VICE PRESIDENT



**TEJAS DUDAKIYA**
HON. SECRETARY



**DEVAL GHORECHA**
JOINT SECRETARY



**KANAKSINH GOHIL**
HON.TREASURER



**SACHIN NAGEWADIA**
DIRECTOR



**BRIJESH SAPARIYA**
DIRECTOR



**KARAN PARMAR**
DIRECTOR



**PIYUSH DODIA**
DIRECTOR



**ASHWIN KAWA**
DIRECTOR



**KETAN GAJERA**
DIRECTOR



**BIPIN SIDDHAPURA**
CO-OP. DIRECTOR



**RAJESH DODIA**
CO-OP. DIRECTOR



**GHANSHYAM PARMAR**
CO-OP. DIRECTOR




Year : 1 | Volume : 3 | Page : 40 | July 2020

Founded in 1985

A quarterly magazine for members of Machine Tools Manufacturers' Association - Rajkot

# MTMA & YOU

*Let's grow Technocracy with Humanity*


**પ્રમુખ**
શ્રી યોગીન છનીયારા
(છનીયારા એન્જીનીયર્સ પ્રા.લી.)

**ઉપપ્રમુખ**
શ્રી હરેશ પટેલ
(સોલાર મશીન ટૂલ્સ)

**માનદ્ મંત્રી**
શ્રી તેજસ દુદકિયા
(ડોવેલ મશીનરી પ્રા.લી.)

**માનદ્ સહ-મંત્રી**
શ્રી દેવલ ઘોરેચા
(એક્યુરેટ મશીન ટૂલ્સ)

**માનદ્ ખજાનચી**
શ્રી કનકસિંહ ગોહિલ
(તારક મશીન ટૂલ્સ)

**માનદ્ તંત્રી**
શ્રી દેવલ ઘોરેચા


## અનુક્રમણિકા


થોડું આ પત્રિકા વિષે ........ ૪
તંત્રી સ્થાનેથી ........ ૫
પ્રમુખના વિચારો ........ ૬
ચાલો વિચારીએ ........ ૮
MTMA NEWS ........ ૧૪
Useful Apps ........ ૩૧
ભૂતપૂર્વ બોર્ડ મેમ્બરની કલમે ........ ૩૨
આમંત્રિત લેખકની કલમે ........ ૩૪
છેલ્લે...એક નાની વાત ........ ૩૮


Front Page Image:



**Man working on Hull of U.S. Submarine Connecticut_August 1943**


**મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન**
૪૪, શિવાનંદ કોમ્પ્લેક્ષ,
મેહતા પેટ્રોલ પંપની બાજુમાં, ઢેબર રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૨
ફોન: +૯૧ ૨૮૧ ૨૨૩૮૭૦૮
મોબાઈલ: +૯૧ ૭૨૪૦૦ ૭૭૪૦૦
ઈમેઈલ: mtmarajkot@gmail.com
વેબસાઈટ: www.mtmarajkot.org

Follow us on :
www.facebook.com/groups/165606853495237/
https://twitter.com/mtmarajkot


Disclaimer:
1. All the Statements, Opinions, Views, News, Articles, etc. appearing in this Magazine are the expressions of Contributors and either the Editor or the Association is not responsible for the same.
2. This Magazine is for private circulation only.

## થોડું આ પત્રીકા વિશે

'MTMA & YOU' મેગેઝીનનો આ ત્રીજો અંક એપ્રીલ ૨૦૨૦ માં પ્રગટ કરવાનો હતો પરંતુ સર્વત્ર લોકડાઉનના કારણે એ શકય બને તેમ ન હોવાથી આ ત્રીજો અંક ત્રણ માસ બાદ જુલાઈ ૨૦૨૦ માં પ્રગટ કરવાનું નકકી કરેલ અને આ ત્રીજો અંક અત્યારે આપના હાથમાં છે.

આ મેગેઝીનને વધુ સારૂ બનાવવા આપ સૌ તરફથી નીચે મુજબની અપેક્ષાઓ છે.

- આપના મંતવ્યો, લેખ, ટીકા-ટીપ્પણો વગેરે મોકલાવો
- આપની પ્રોડકટ વિષેના ડેવલપમેન્ટ વગેરે જણાવો
- આપની તથા આપના સાથીદારોની જાહેરાત આપો જેની અત્યારે ખુબજ જરૂરીયાત છે

હાલના સંજોગોનોને જોતા આ અંકમાં MTMA Calender, Exhibition List, વિગેરેનો સમાવેશ નથી કયો, જે આપની જાણ માટે.

આ મેગેઝીનને આપના ટેબલ પર રાખો જેથી સમય મળ્યે વાંચી શકાય તથા બીજા લોકો પણ તે જોઈ વાંચી શકે અમારી ઈચ્છા છે કે આ મેગેઝીન આપ સૌને ખુબજ ઉપયોગી થાય.

આપનો સહકાર મળતો રહે તેવી આશા સહ.

**Advertisement Rates for MTMA & YOU, a Quarterly Newsletter**

| Advertisement | Ad Size (WxH) (in cm) | Member Single Issue | Member Yearly (4 Issues) | Non Member Single Issue | Non-Member Yearly (4 Issues) |
|---|---|---|---|---|---|
| Full Page Inner | 18 x 25 | 6,000/- | 18,000/- | 9,000/- | 27,000/- |
| Half Page Inner | 18 x 12 | 4,000/- | 12,000/- | 6,000/- | 18,000/- |
| Quarter Page Inner | 8.5 x 11 | 2,500/- | 7,500/- | 4,000/- | 12,000/- |
| Visiting Card | 8 x 5 | 1,500/- | 4,500/- | 2,500/- | 7,500/- |
| Front Page Inner | 18 x 25 | 15,000/- | 45,000/- | 22,000/- | 66,000/- |
| Back Page Inner | 18 x 25 | 12,000/- | 36,000/- | 18,000/- | 54,000/- |
| Back Page | 18 x 25 | 18,000/- | 54,000/- | 27,000/- | 81,000/- |
| Bottom Strip in Inner Pages | 18 x 2 | NA | 45,000/- | NA | 60,000/- |
| Sponsor Back Full Page Ad. and Bottom Strip in Inner Pages | Strip 18 x 2 | NA | 90,000/- | NA | 1,25,000/- |

નોંધ : • જાહેરાત .cdr, .pdf અથવા .eps ફોર્મેટમાં આપવી. • 5% GST અલગથી ચુકવવાનો રહેશે.
• પેમેન્ટ 'મશીન ટૂલ્સ મેન્યુફેકચરર્સ એસોસીએશન' રાજકોટના નામે આપવાનું રહેશે.
• જાહેરાત આપવા માટેનું ફોર્મ online પણ ઉપલબ્ધ છે. www.mtmarajkot.com/ad_form





## તંત્રી સ્થાનેથી...

સભ્યમિત્રો,

આ છેલ્લા 6 મહિનામાં ઘણું બધું બદલાય ગયું અને હજુ બદલાવ ચાલુ જ છે... કોરોનાની અસર ઘણી લાંબી ચાલવાની છે એવું દેખાય રહ્યું છે.

આ દરમ્યાન ચીન સામેનો ભારતનો અને દુનિયા આખીનો આક્રોશ અને વિરોધ બહુજ આક્રમક થઈ રહ્યો છે. દરેક વિકાસશીલ દેશ આત્મનિર્ભર થવા માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે અને આપ સૌ જાણો છો એમ ભારત પણ આમા અગ્રેસર રીતે યોજનાઓ જાહેર કરી રહ્યું છે. પણ શું આપણે વિચાર્યું છે કે...

ચીન નો પર્યાય છે? અથવા ચીન નો પર્યાય કેવી રીતે બનવું?

ચીન જેવી નવીનતમ વસ્તુઓ, મશીન, મશીન પાર્ટસ સારી ક્વોલીટીમાં બહુજ વ્યાજબી ભાવે કેવી રીતે આપવી? આ સૌનો એક પ્રાણ-પ્રશ્ન હશે. આ દિશામાં આગળ વધવા માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, અસંખ્ય નીતિ-નિયમો, વિગેરેને નું જબરદસ્ત સંકલન અથવા તો જબરદસ્ત ફેરફારો, ટૂંકી મુદત માં કરીએ તો અને તો જ વધારે અસરકારક છે અને તમે એ બાજુ 'એક' ડગલું ચાલી શકો. આના ઉદાહરણો આપણી સામે આવી જ ચુક્યા છે. કારણ કે જે વિદેશી કંપનીઓએ પોતાના ઉદ્યોગો ચીન માંથી અન્ય દેશોમાં ફેરવ્યા છે, એમાથી ભારતમાં બહુજ ઓછી સંખ્યામાં આવ્યા છે.

પણ આ બધી તો મોટી વાતો છે... પરંતુ, સૂક્ષ્મ છતાં અતિ મહત્વની અને કદાચ સૌથી સહેલી વાત, જે આપણે પોતે અને દરેક ભારતીયોએ કરવી જ જોઈએ એ છે 'આપણા કામ પ્રત્યેની નિષ્ઠા' અને 'પ્રતિસાદ' (Feedback). આમાં નવું અને મોટું કશું જ નથી, પણ ખુબ જ જરૂરી તો છે જ અને કમનસીબે આપણે આ બંનેની ખાસ દરકાર કરી જ નથી.

'કામ પ્રત્યેની નિષ્ઠા' હોય તો અને તો જ તે કામ યોગ્ય થાય છે અને એમ પણ તમે જો તમારા કામ નો પ્રતિસાદ (Feedback) લયો અને એના ઉપર સમયસર અને જરૂરી પગલાં લેતા હો, તો જ ડેવલપમેન્ટ થાય છે અને આવા જ પ્રજા-જનોથી એક Developed Country બને છે. જેમ નાના બાળકને શરૂઆતના વર્ષોમાં આપણે તેને શીખવાડીને એ લાયક બનાવીએ છીએ કે અમુક વર્ષો બાદ એ પોતે પોતાની રીતે આગળ વધે. હવે જો એ નિષ્ઠાવાન અને આસપાસનો પ્રતિસાદ સમજીને કે પૂછીને, એક યોગ્ય દિશામાં આગળ વધે તો તેનું ભવિષ્ય ખુબ જ ઉજ્જ્વળ બને છે. તમે જોયું હશે કે તેમાંથી જે તેજ કે તરવરીયો હોય, જેને વધુ જાણવું હોય, જે મહત્વકાંક્ષી હોય, તે સડસડાટ આગળ પહોંચી જાય છે. મને તેવું જ દરેક દેશનું લાગે છે. એને બદલે અહીં આવી વાતો આવે છે...

– આપણે મૌખિક ફરિયાદ કરીએ છીએ પણ તેનો લેખિત પ્રતિસાદ નથી આપતા.

– મને તો કોઈએ પ્રતિસાદ માટે પૂછ્યું જ નથી.

– મારા પ્રતિસાદ થી શું ફેર પડશે?

– બધું મારે જ કરવાનું?

આપણા મશીન-ટૂલ્સ ના ઉદ્યોગો ની વાત કરીએ તો 95% ના ઉદ્યોગો વારસાઈમાં મળેલા છે અને એમાંથી 75% ઉદ્યોગો હજુ પણ પરંપરાગત રીતે જ ચાલે છે... એમાં બે-ત્રણ પેઢી નીકળી ગઈ.. પણ હવે? ચીન જેવા સામે સામનો કરવાનો છે.... કદાચ 1980 પહેલા જે દેશની કોઈ વેલ્યુ જ નહોતી, એ ચીન, ફક્ત 40 વર્ષમાં ક્યાં થી ક્યાં પહોંચી ગયું દુનિયા આખીનું મેન્યુફેક્ચરિંગ હબ બની ગયું, પણ આપણે એ ના કરી શક્યા અને એ મોકો ચુકી ગયા છીએ. હવે બીજો મોકો મળ્યો છે, પણ સાચું કહું તો હજુ આપણે કોઈ તૈયાર નથી. <u>ખોટું હોય તો ખાસ ટોકજો.</u> જરા વિચારી જુવો. મને તો બહુ ગંભીર વાત લાગે છે.... આ બીજો મોકો પણ નહિ પકડી શકીએ એના પુરા ચાન્સ છે.

પણ ચાલો ફરીથી શરૂઆત કરીએ...

– શું આપણે નિષ્ઠા-પૂર્વક કામ કરીએ છીએ?

– Customer Feedback લઈએ છીએ?

– આપણા કર્મચારીઓને પ્રોડક્ટ માટેનો feedback પૂછીએ છીએ? તમે પોતે તમારી પોતાની product માટે ક્યારેય feedback આપ્યો છે?

– આ બધું અત્યંત જરૂરી છે... ના કરતા હો તો કરવા માંડવું જોઈએ અને નહીતો 'ચીન ને પાછળ મૂકી દઈશું' એ વાત જ મૂકી દેવી જોઈએ

હું નકારાત્મક વાત નથી કરતો, ભારત સક્ષમ છે, પણ 'ભારતીયો'ની તૈયારી ખુબ જ ઓછી પડતી હોય એવું હજુ લાગી રહ્યું છે.

હવે આપણે સમજવાની વાત એ છે...

**દેશને 'ધરતી-માતા' કહીએ એ બરાબર છે... પણ જતન જો લાડકવાયા દીકરા જેવું કરીશું તો અને તો જ આપણી આવનારી પેઢી ને ઉજ્જ્વળ અને ગર્વ-પૂર્ણ દેશ આપી શકીશું.**



જય હિન્દ

**– દેવલ ધોરિયા**
info@accuratelathe.com

## પ્રમુખના વિચારો...

દુનિયાના બીજા દેશોના ઉદ્યોગો માં એવું છે શું ???

આપણા ઉદ્યોગો તેમના જેવી ગુણવત્તા તથા તેમના જેટલું ઉત્પાદન કરવા માટે તૈયાર છે ??? મારો અનુભવ એવું કહે છે કે આપણે લોકો એન્જિનિયરિંગ અને ખાસ કરીને ઉત્પાદન પ્રક્રિયામાં દુનિયામાં ઘણા પાછળ છીએ. આપણે કારખાનામાં એક નાનું મશીન બનાવવું હોય અથવા તો એક ડાય રીપેર કરવાની હોય તેના માટે ઘણી મહેનત પડે છે જે બાબત ઘણીજ વિચાર માંગી લે તેવી છે. દર વર્ષે કરોડો યુવાનો એન્જિનિયરિંગ કરીને બહાર નીકળે છે પણ એક પણ એન્જિનિરિંગ કોલેજ એવો શિક્ષિત વિદ્યાર્થી નથી આપી શકતા કે તેઓ એકલે હાથે એક મશીન બનાવી શકે અથવા તો એક ડાય રિપેર કરી શકે.

હા ..એવા વિદ્યાર્થીઓ જરૂર તૈયાર થાય છે પણ તે ફક્ત કોમ્પ્યુટર એન્જિનિયરિંગ ક્ષેત્રે. આમ જોઈએ તો મિકેનિકલ ક્ષેત્ર હજુ ઘણું જ પાછળ છે. આનું કારણ શું છે? કારણ એવું તો નથી ને કે અહીંયા હાથેથી, જાત મહેનતથી મજુરી કરવા વાળા લોકોને નીચી નજરથી જોવામાં આવે છે, એટલે જ તો આપણી વસ્તીનો મોટો ભાગ અને હોશિયાર વિદ્યાર્થીઓ એવું ક્ષેત્ર પસંદ કરે છે જ્યાં હાથથી મજુરી કરવી નહીં પણ કશુંક વ્હાઈટ કોલર કામ મળે તો એ કરવું છે.

એક અઘરો કોમ્પ્યુટર પ્રોગ્રામને ડી–કોડ કરવો હશે તો તે બહુ જ આસાન છે અને તે કરવાવાળા વિદ્યાર્થીઓ પણ મળી રહેશે, પણ જો રંધો ચલાવીને એક લાકડા ને સીધું કરવું હશે તો કોઈ નહિ મળે. આપણી બધી શૈક્ષણિક સંસ્થાઓ ફક્ત વિચાર કરતા શીખવે છે કાર્ય કરતા નહીં. આમાં આપણે ચીનની સામે કેવી રીતે વિજય મેળવશુ. ત્યાં તો ધોરણ 8 થી છોકરાઓને કારીગરી શીખવવામાં આવે છે. મારી ચીન યાત્રા દરમિયાન તેવું જણાયું છે કે કે ચીને તેના કારીગરોને ખુબજ મહેનત ના પાઠ ભણાવેલા છે, જ્યારે બીજી તરફ આપણા દેશની એક વિચિત્રતા છે કે જેઓ કુશળ કારીગરો છે તેની પણ ઈજ્જત મોટી કંપનીઓ નથી કરી રહી, કારણકે તે કુશળ કારીગરોની ભાષા જુદી છે. તેઓની ભાષા તેઓની દુનિયા છે. આપણે ત્યાં આ પ્રકારની બંને અલગ અલગ દુનિયા સમાંતર રીતે ચાલી રહી છે અને એકબીજાને કોઈ પણ ફાયદો કરી રહેલ નથી. માટે કોઈ ભણેલ ગણેલ એન્જિનિયર પોતાનો અહંકાર છોડીને આ બંને દુનિયાઓની વચ્ચે પૂલ બનાવવાની કોશિશ કરી હોત તો આજે આપણે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે આટલા બધા પછાત ન હોત.

આવો જેને આપણે ડેમોગ્રાફિક ડિવિડન્ડ માનીને તિરસ્કાર કરીએ છીએ તેના વિશે થોડી વાત કરીએ. આપણે જાણીએ છીએ કે આપણી પાસે યુવાધન ખુબજ મોટા પ્રમાણમાં છે પણ એક વખત તેમના પર નજર તો નાખો, સ્કૂલ–કોલેજોમાં કાચી–પાકી પરીક્ષાઓ પાસ કરીને પણ આજે તેઓ ખેતી કરવામાં શરમ અનુભવે છે, નથી તેમની પાસે કોઈ જ્ઞાન કળા કે અનુભવ, નથી તેમની પાસે એવી કોઈ કારીગરી કે તેઓ કોઈ ફેકટરીઓમાં કામ કરી શકે, બારમું ધોરણ પાસ કરેલો વિદ્યાર્થી કરિયાણાની દુકાન ઉપર સામાન તેમજ પૈસાનો સરખો હિસાબ પણ કરી શકતો નથી. આપણા પાઠ્યપુસ્તકોમાં એવું કશું જ ભણાવવામાં આવતું નથી જે રોજબરોજના જીવનમાં ખૂબજ જરૂરી હોય છે. ચીનની બરાબરી કરવાના સ્વપ્નાં જોવાવાળાઓએ ત્યાં ઉદ્યોગોમાં કામ કરતી મહિલાઓની સંખ્યા પણ જોવી જોઈએ. આપણા દેશની 50% થી વધુ વસ્તી ઘર પર બેસાડી રાખેલ છે, છેલ્લા કેટલાંક વર્ષોની કોલેજોની મેરીટ લીસ્ટ જોઈ લ્યો સૌથી વધારે ગોલ્ડ મેડલ વિદ્યાર્થિનીઓએ હાંસિલ કરેલા હશે. તો એ વિદ્યાર્થીનીઓ ઓફિસો અથવા દુકાનોમાં કેમ દેખાતી નથી? કારણકે તેની પાછળ પણ આપણી સમાજ વ્યવસ્થા કામ કરે છે, એ સમાજ આવા ગોલ્ડ મેડલોને બંગડીના બોક્સમાં મખમલી કપડામાં દાટી દેવા માંગે છે. તેઓને આ ડેમોગ્રાફિક ડિવિડન્ડ વિષય પર વાત કરવાનો કોઈ હક્ક જ નથી. સરકારની આર્થિક નીતિઓ થકી GDP ગ્રોથનો અંદાજો લગાવવા વાળો સમાજ પોતાની ખામી પર વાત કરવા માંગતો નથી. શું આપણી પ્રગતિનો સંપૂર્ણ ભાર આપણા ફાઈનાન્સ મિનિસ્ટરનો હોય છે? ચીનની સાથે સરખામણી કરવાવાળો સમાજ તેની કાર્યપદ્ધતિ કેમ જોઈ શકતો નથી?

આપણા કારખાનામાં વર્ષના કામના દિવસ બીજા દેશો કરતાં બહુ જ ઓછા છે. વ્રત–ઉપવાસ, લગ્ન પ્રસંગ, તહેવારો, ભોજન સમારંભ વગેરે કાર્યક્રમોની વણજાર હોય છે. જેને આપણા કામ કરતા પણ વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. તહેવારો અને બીજી રજાઓ ફેક્ટરીના માલિકો અને સુપરવાઈઝરો માટે ભયાનક સ્વપ્ન સમાન હોય છે, કારણકે ઓર્ડરો ભલે પેન્ડિંગ રહે પણ પુરા સપ્તાહની રજા તો જોઈશે જ. કોર્પોરેટમાં મેનેજરોની સંખ્યા ઘણી જ ઓછી હોય છે કારણકે મેનેજરોને બસ ઈંગ્લીશ આવડતું હોવુ જોઈએ, વધારે પડતા મેનેજરો ટુટીફૂટી અંગ્રેજીનો રોફ જમાવતા હોય છે, પણ કામ કરવામાં પછાત હોય છે. કનેક્ટિંગ ફ્લાઈટ પકડવાના કામને તેઓ વ્યસ્તતા ગણાવે છે. ફાઈવ સ્ટાર હોટલોમાં બિનજરૂરી પ્રેઝન્ટેશન કરવાવાળા મેનેજરો આ દુનિયામાં ચાલી રહેલા ફેરફારો વિશે કશું જાણતા હોતા નથી, મેનેજરો બસ એકબીજાને રિપોર્ટો દેવાનું કામ કરતા હોય છે જેમાંથી કશું જ કામનું હોતું





નથી. સરકારી તંત્રથી ડરીને અને સરકારી તંત્રના કાર્યપદ્ધતિથી થાકીને આપણે બધા કોર્પોરેટ જગત તરફ વળ્યા હતા, આજે ત્યાં પણ ભ્રષ્ટાચાર અને અણઆવડતે માઝા મૂકી છે. કોર્પોરેટસ માં પણ ઘણા ખરા લાંચ લેતા નથી પણ મોટા પગારો લઈને એકબીજાના અહંકારને પંપાડવાના, જવાબદારીઓથી ભાગવાના, અને મુખ્ય નિર્ણયો નહીં લઈ શકવાના કાર્યોને આપણે એક જાતનો ભ્રષ્ટાચાર જ ગણવો રહ્યો.

આ બધી વાતો હું કોઈ પુસ્તકમાંથી વાંચીને નથી સંભળાવી રહ્યો આ ફક્ત અને ફક્ત મારો વ્યક્તિગત અનુભવ દ્વારા જણાવી રહ્યો છું. તમે કહેશો કે જો ભારતના સમાજમાં આટલી બધી અણ–આવડત અને ખામીઓ હોય તો પછી છેલ્લા ૨૦ વર્ષમાં આપણે આટલી બધી પ્રગતિ કઈ રીતે કરી? મારા અનુભવ પાર થી એક નિષ્કર્ષ એવો નીકળે છે જે આપને જણાવું કે તે છે ફક્ત અને ફક્ત ''જમીનોના પૈસા.''

વર્ષ ૧૯૯૧માં પી.વી.નરસિંહરાવ સરકારે આર્થિક સુધારા લાગુ કર્યા તેના દ્વારા વિદેશી રોકાણો થયા ત્યારબાદ વાજપેયી સરકારે ખૂબ જ મોટા હાઈવે તથા રોડ રસ્તાઓ બનાવ્યા હોમલોનો ઘણીજ સસ્તી થઈ, આ બધા કારણોથી જમીનોના ભાવોમાં ખૂબજ મોટો વધારો આવ્યો, તેના દ્વારા પુષ્કળ પ્રમાણમાં કાળું નાણું ઉત્પન્ન થયું, આ કાળું નાણું કોઈ મહેનત કે પછી કોઈ આવડતથી કમાયેલ ન હતું, ફક્ત જમીનોના સટ્ટા દ્વારા કમાયેલ હતું. તેની પહેલાના વીસ વર્ષો ખુબજ મંદીમાં ગયા હતા. જેથી નવા કારખાના, નવા ધંધા, સ્થાપવા જોઈએ એટલા પ્રમાણમાં હતા નહિ. એટલે 1990 પછી રાતોરાત નવા કારખાનાઓ અને નવા ધંધાઓ ઉભા કરવા ખુબજ મુશ્કેલ હતા એટલે સપ્લાય સાઈડની કમીઓ હોવા છતાં બજારો ઉછળતા રહ્યા. બાપ દાદાઓની ખેતીઓ અને જમીનના પ્લોટો અન્ય મિલકતો વેચીને મર્સીડીઝ, ઓડી, બીએમડબલ્યુ લેવા વાળો એક નવો વર્ગ ઊભો થયો હતો. વિદેશયાત્રાઓ, હોટલો, મોંઘા ઈન્ટિરિયર, મોંઘી કારો, મોંઘા મોબાઈલો એ માઝા મૂકી દીધી. પાનની દુકાનો પર નવરા ઊભા રહેવાવાળા જ્યારે જમીનની દલાલીઓમા પૈસાવાળા બની ગયા. તે લોકોને તેમના જેવાજ લોકો જોઈએ, તે લોકોએ આલીશાન બંગલાઓ બનાવ્યા જેમાં બાથરૂમમાં ૫૦ હજારનો નળ લગાવવા માટે ઈન્ટિરિયર ડિઝાઈનર નામ આપ્યું. જેઓ કોલેજોમાંથી પોતાના વાળ વધારીને વિચિત્ર કપડાં પહેરીને Da-Vinchiને Pablo Picasoની સમકક્ષ ગણવા મંડ્યા. છેલ્લાં વીસ વર્ષોમાં આપણા ડિઝાઈનરો એન્જિનિયરો અને સાહસિકોની ઉર્જા અને સમય આવા કાળા નાણાની ખરાબ સંગતમાં વિતી ગયા. આપણા દેશની પરિસ્થિતિઓ અને ગરીબીના દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને કોઈ સસ્તુ મકાન કે તેની કોઈ નવીન ટેકનીક શોધવામાં કોઈને રસ ન હતો.

આ કોરોના એક આશીર્વાદ છે કે ઈઝી મનીના નશામાંથી આપણા દેશની પ્રતિભાઓને કદાચ ઊંઘમાંથી જગાડી દે. કોરોનાના લીધે મજબૂરીમાં પણ કદાચ આપણે આપણા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવીએ અને કદાચ આપણે વિચારીએ કે Operational Efficiency શું છે? ખાલી મોઢાના વિચિત્ર હાવભાવ કરીને અંગ્રેજી બોલવું તેજ યોગ્યતા છે? પ્રગતિ માટે મહેનત પણ કરવી પડે છે, કદાચ આપણે સાંભળ્યું હશે 'આઉટ ઓફ બોક્સ થીંકીંગ' શુ આ કહેવત ખાલી કોર્પોરેટ કોન્ફરન્સમાં તાળીઓ વગાડવા પુરતીજ સીમિત છે? કદાચ આપણે અનુભવ કરીએ તો ધર્મ અને જાતી નહીં પણ ગરીબી અને ભૂખમરો ખૂબજ મહત્વનો હોય છે. આજે આપણે એકબીજાનો હાથ પકડીને આ મુસીબતના સમયને ઓળંગી જવાનો છે. બીજા વિશ્વયુદ્ધ પછી જ્યારે પૂરી દુનિયાએ જર્મનીનો બહિષ્કાર કરેલો હતો ત્યારે તેના ત્યાંના કુશળ એન્જિનિયરોએ લગભગ બધાજ ક્ષેત્રોમાં જર્મનીને આત્મનિર્ભર બનાવી દીધો હતો. બધી જ મુશ્કેલીઓ અને આપત્તો આપણને ઢંઢોળતી હોય છે અને આપણને આપણા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર કાઢે છે.

કોરોનામાં જો સારી વાત હોય તો ફક્ત અને ફક્ત આ એક જ વાત છે. આત્મનિર્ભર બનીએ, યુવાધન ને યોગ્ય રીતે શિક્ષિત કરીએ, આપણા ઉદ્યોગોને એક નવી દિશા પર લઈ જઈએ, નવા ઉત્પાદનો પર ધ્યાન દઈએ, અને મેઈક ઇન ઇન્ડિયાનું સૂત્ર સાર્થક કરીએ.



આભાર.
**યોગીન છનિયારા**

પ્રમુખશ્રી
મશીન ટૂલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન – રાજકોટ

## ચાલો વિચારીએ

“It Doesn't Matter Where You Came From.
All That Matters Is Where You Are Going.”

- Brian Tracy

(Canadian-American motivational public speaker and self-development author)


**WE ALL HAVE PROBLEMS; THE WAY WE SOLVE THEM IS WHAT MAKES US DIFFERENT**

“BE A GOOD PERSON BUT DON'T WASTE TIME TO PROVE IT.”








38 SINCE LAST YEARS

MORE THAN 4500 MACHINES IN OPERATION

AN ISO 9001 : 2015 Company

DOWEL



MOBILE CYLINDER HYD. PRESS
Capacity From 40 Tonnes To 500 Tonnes & More Tonnes



HYDRAULIC IRON WORKER
Capacity From 60 Tonnes To 130 Tonnes & More Tonnes



“C” FRAME HYD. PRESS
Capacity From 5 Tonnes To 500 Tonnes & More Tonnes

DOWEL ENGINEERING WORKS

**Office & Workshop :** 12-Atika Industrial Area, Debar Road (South), Rajkot - 360 002. (Guj.) INDIA.
Phone : +91-281-2362465, Email : dowel@thedowel.com / tejas@thedowel.com

DMPL

AN ISO 9001 : 2015 Company



4-PILLAR HYDRAULIC PRESS
Capacity From 5 Tonnes To 1000 Tonnes & More Tonnes



CLOSE FRAME TYPE HYD. PRESS
Capacity From 5 Tonnes To 1000 Tonnes & More Tonnes



PLC OP. HYDRAULIC PRESS
Capacity From 5 Tonnes To 1000Tonnes & More Tonnes

DOWEL MACHINERY PVT. LTD.

**Admin.Office:** 12-Atika Industrial Area, Debar Road (South), Rajkot - 360 002. (Guj.) INDIA.

Factory: Shri Satya Industrial Estate, Plot No. 15, Survey No. 239,
Beside Weldor Engg. Pvt. Ltd., Veraval (Shapar) Tal.: Kotada Sangani. Dist Rajkot - 360 024.
TeleFax : +91-2827-296113, Web Site: www.thedowel.com E-mail: tejas@thedowel.com, mktg@thedowel.com

## કોરોના સમયમાં બિઝનેસમેને કરવાના મહત્વના કાર્યો

- વર્તમાનની રોકડ (Cash in Hand) અને કુલ ઉઘરાણી (Collection) ની યાદી બનાવી અને તેનો ટોટલ કરો.
- આગલા ત્રણ મહિનામાં કંપની ચલાવવામાં અંદાજીત કેટલી રકમ જોઈશે તેનો ટોટલ કરો.
- વર્તમાનની રોકડ (Cash in Hand) અને કુલ ઉઘરાણીના (Collection) ટોટલ માંથી આગલા ત્રણ મહિનામાં કંપની ચલાવવામાં જોઈતી રકમના ટોટલને બાદ કર્યા બાદ જો ફાઈનલ રકમ માઈનસમાં આવે તો સૌ પ્રથમ તે રકમની વ્યવસ્થાનું પ્લાનીંગ કરો.
- તમારી પ્રોડકટને અતિ ઉતમ બનાવવા તેમાં તમારે કયાં કયાં સુધારાઓ કરવા જોઈએ તેનું લિસ્ટ બનાવો અને અમલમાં મુકો.
- માર્કેટ ખુલે ત્યારે તાત્કાલિક સેલ્સ વધે તે માટે કઈ નવી પ્રોડકટ તમે લોન્ચ કરશો તેનો પરફેકટ એકશન પ્લાન બનાવો.
- કોરોના લોકડાઉનના કારણે કંપનીની અત્યારે ફાઈનાન્સિયલ સ્થિતિ કેવી છે તેની Core Team સાથે પારદર્શકતાથી ખુલ્લા મને પોઝિટિવિટી સાથે ચર્ચા કરો.
- કંપનીની ફાઈનાન્સિયલ સ્થિતિ ઝડપથી સુધારવા માટે કયા અસરકારક પગલાં લેવા જોઈએ તે માટે દરેક કર્મચારીઓની પાસેથી લેખીતમાં સજેશન માંગો.
- કર્મચારીઓ સાથે મળીને માર્કેટ ખુલે ત્યારે કયાં નવા સંભવિત ગ્રાહકો સાથે કામ કરી શકાય તેનું લિસ્ટ બનાવો.
- અત્યારે Self Upgradation માટે જરૂરી બુક વાંચો, જરૂરી વિડીયો જુઓ અને જરૂરી ટ્રેનીંગ પ્રોગ્રામ દવારા લર્નિંગ કરો.
- દરરોજ વોકિંગ, કસરત, યોગા કરવા માટે ૩૦ મિનિટ ફરજીયાત ફાળવો.
- દરરોજ ૩૦ મિનિટ સવારે અને ૩૦ મિનિટ સાંજે પોતાના શોખ અને Entertainment માટે ફાળવો.
- દરરોજ ફેમેલી સાથે ગ્રુપ ડીસ્કસન માટેનો સમય નકકી કરો.
- હરીફો, પ્રોડકટ અને માર્કેટ એનાલિસિસ માટે દરરોજ એક નિશ્ચિત સમય ફાળવો.
- બિનજરૂરી ખર્ચાઓ ઉપર અંકુશ મૂકી શકાય તેનું લિસ્ટ બનાવો અને અમલમાં મુકો
- માર્કેટ ખુલે ત્યારે તાત્કાલિક સેલ્સ વધે તે માટે કંપનીમાં કઈ કઈ નવી ટેકનોલોજી વિકસાવવી જોઈએ તેનું લિસ્ટ બનાવો અને તે માટે જરૂરી ફાઈનાન્સની વ્યવસ્થા કેવી રીતે કરશો તેનું પ્લાનીંગ કરો.
- ગ્રાહકો, વેન્ડરો અને સપ્લાયરો પાસેથી પ્રોડકટને લગતા ફીડબેક લેવાનો આ પરફેકટ સમય છે.
- કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો કરવા તેને પ્રોફેશનલ ટ્રેનરો દ્વારા ટ્રેઈન કરવાનો આ યોગ્ય સમય છે.





CITY®
AN ISO 9001:2015 CERTIFIED COMPANY
EASY CUTTING & BENDING
IRON WORKER

POWER PRESS

ACCURATE INDUSTRIES
Factory: 3, Atika Dhebar Road (South), Rajkot (Guj.) INDIA.
Mo.: 9227744900 / 500
E-mail: city_powerpress@yahoo.com | Web.: www.citypowerpress.com / www.ironworker.in

## VISION 2020

We will be in the Top 5 Machine Tool Building Nations by 2020 Leveraging World Class R & D Infrastructure, Systems and People Delivering Innovative Solutions and Services to Create "Value for Customers"




## MISSION 2020

We the Rajkot Machine Tools Manufacturers shall Achieve 1st Position in Indian Machine Tools Industry by delivering wide range of cutting edge products through professional management, frugal engineering value chain, partnering suppliers, driven by Customers satisfaction.













## MTMA NEWS

### • Jamnagar Tech-Fest 2020 Exhibition, Jamnagar

તારીખ ૦૩ થી ૦૬ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન જામનગર ખાતે 'Jamnagar Tech-Fest 2020' એક્ઝીબીશન યોજાયેલ. આ એક્ઝીબીશનમાં એસોસીએશનનાં ૧૬ સભ્યભાઈઓએ ભાગ લીધેલ હતો અને તેઓને સારો પ્રતિસાદ મળેલ.

આ એક્ઝીબીશનમાં એસોસીએશનની મેમ્બર્સ ડિરેકટરી તથા સી.ડી. નું પણ વેંચાણ કરવામાં આવેલ હતું.


























## • IMTEX 2020 & 257th Meeting of IMTMA Executive Committee

તા. ૨૩ થી ૨૮ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન **BIEC, Bangalore** ખાતે મશીન ટુલ્સ માટેનું અતિ મહત્વતા ધરાવતું એકઝીબીશન **"IMTEX 2020" (Forming)** યોજાયેલ. આપણા એસોસીએશન માંથી પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારા અને મંત્રીશ્રી તેજસભાઈ દુદકીયાએ આ એકઝબીશીનની મુલાકાત લીધેલ હતી. મેટલ-ફોર્મીંગ માટેનું એશિયાનું એક મોટું અને નામાંકિત આ એકઝીબીશન દર વર્ષે **IMTMA** દ્વારા યોજવામાં આવે છે. આપણે સૌ જાણીએ છીએ તેમ, એક વર્ષે મેટલ-કટિંગ અને પછીના વર્ષે મેટલ ફોર્મિંગ માટે **IMTEX** નું આયોજન કરવામાં આવેલ છે. દેશ-વિદેશના ઘણા બધા ઉદ્યોગકારો આ એકઝીબીશનમાં પોતાની પ્રોડકટ લઈને આવે છે અને ખુબ જ સારો પ્રતિસાદ તેઓને મળતો રહે છે.

**IMTEX 2020** ની સાથે **IMTMA Executive Committee Meeting** નું આયોજન પણ **BIEC, Bangalore** ખાતે જ કરવામાં આવેલ હતું અને આ મીટીંગમાં આપણા એસોસીએશનના પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારાએ હાજરી આપી અને રાજકોટના ઉદ્યોગો વિષેની અને આપણા એસોસીએશનની વિવિધ કામગીરીઓની માહિતી **IMTMA** ના સર્વે બોર્ડ-મેમ્બર્સને આપી હતી.








## • Rajkot Machine Tools Show 2020 એકઝીબીશન બાબતની મીટીંગ

તારીખ ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ **KMG Business Technology, Ahmedabad** ના સી.ઈ.ઓ. શ્રી કમલેશભાઈ ગોહીલ તથા શ્રી અમીતભાઈ મીસ્ત્રી સાથે એસોસીએશનના કારોબારી સભ્યભાઈઓની આગામી **"Rajkot Machine Tools Show 2020"** એકઝીબીશન બાબતે એસોસીએશનની ઓફીસ પર મીટીંગ કરવામાં આવેલ અને આ બાબતે શ્રી કમલેશભાઈ ગોહીલ એસોસીએશનના સભ્યભાઈઓ માટે ખુબજ સકારાત્મક અભીગમ દર્શાવેલ.

## • Seminar on "Effective Communication Skill"

તારીખ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ હોટલ સરોવર પોર્ટીકો, રાજકોટ ખાતે **'Effective Communication Skill'** માટેનો ખુબજ મહત્વ પુર્ણ સેમીનાર યોજાયેલ. સેમીનારના ટ્રેનર શ્રી વીરાટભાઈ ઢેબર હતા અને તેઓએ આ સેમીનારને પોતાની આગવી શૈલી અને અનુભવથી ખૂબજ રસપ્રદ બનાવેલ. આ સેમીનારમાં એસોસીએશનના ૧૨ સભ્યભાઈઓએ ભાગ લીધેલ હતો અને તેઓને સેમીનારના વિષયને લગતી બહુઉપયોગી માહિતી આપેલ.



## • Meeting regarding INCO 2020, Colombo, Sri Lanka

તારીખ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ **Futurex Trade Fair & Events Pvt. Ltd., New Delhi** ના શ્રી સમીરભાઈ સાથે એસોસીએશનના કારોબારી સભ્યભાઈઓની **"INCO 2020, Colombo, Sri Lanka"** એકઝીબીશન બાબતની મીટીંગ એસોસીએશનની ઓફીસ પર થયેલ.










## • MMT Expo 2020 Exhibition, Mumbai

તારીખ ૧૧ થી ૧૪ માર્ચ, ૨૦૨૦ ના રોજ મુંબઈ ખાતે **"MMT Expo 2020"** એકઝીબીશન યોજાયેલ હતું. આ એકઝબીશનમાં એસોસીએશન સપોર્ટીવ પાર્ટનર તરીકે એકઝીબીશનની **Opening Ceremony** માં એસોસીએશન વતી પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારા, સેક્રેટરીશ્રી તેજસભાઈ દુદકીયા, ખજાનચીશ્રી કનકસિંહ ગોહીલ, જો. સેક્રેટરીશ્રી દેવલભાઈ ઘોરેચા તથા કારોબારી સભ્યશ્રી સચીનભાઈ નગેવાડીયા, શ્રી કરણભાઈ પરમાર, શ્રી કેતનભાઈ ગજેરા, શ્રી બીપીનભાઈ સિધ્ધપુરા, શ્રી અશ્વીનભાઈ કવા અને શ્રી રાજેશભાઈ ડોડીયા હાજર રહેલ હતા. તેમાં એસોસીએશનના પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારા, સેક્રેટરીશ્રી તેજસભાઈ દુદકીયાએ દીપ પ્રાગટય તથા રીબીન કટીંગ કરી એકઝીબીશનનું ઉદઘાટન કર્યુ હતુ અને આ એકઝીબીશન બાબતે પ્રાસંગીક ઉદભોધન કરેલ હતું. આ ઉપરાંત એકઝીબીશનમાં હાજર રહેલ દરેક કારોબારી સભ્યભાઈઓ દ્વારા એકઝીબીશનની તથા એસોસીએશન માંથી ભાગ લેનાર દરેક સભ્યભાઈઓના સ્ટોલની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.





તારીખ ૧૨ માર્ચ, ૨૦૨૦ ના રોજ **MMT Expo 2020, Mumbai** ખાતે **3D Modeling** ના સેમીનાર યોજાયેલ જેમાં એસોસીએશનના પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારા, ખજાનચીશ્રી કનકસિંહ ગોહીલ તથા કારોબારી સભ્યશ્રી અશ્વીનભાઈ કવા અને રાજેશભાઈ ડોડીયા હાજર રહેલ હતા.






આ એક્ઝીબીશનમાં એસોસીએશનનાં અંદાજે ૧૪ સભ્યભાઈઓએ ભાગ લીધેલ હતો.  મુંબઈ ખાતે વર્ષો બાદ મશીન ટુલ્સ ના એક્ઝીબીશનનું આયોજન થયેલ અને કોરોનાની નેગેટીવ ઈફેક્ટ હોવા છતા એક્ઝીબીશનમાં ભાગ લેનાર દરેક કંપનીઓને સકારાત્મક પ્રતિસાદ મળેલ.










આ એક્ઝીબીશનમાં એસોસીએશનની ૭૫ જેટલી મેમ્બર્સ ડિરેક્ટરી તથા સી.ડી. નું પણ વેંચાણ કરવામાં આવેલ હતું.





## • NESCO Ltd. ના ચેરમેનશ્રી સાથે મીટીંગ

તારીખ ૧૩ માર્ચ, ૨૦૨૦ ના રોજ **Goregaon Exhibition Center** ખાતે **Nesco Ltd.** ના ચેરમેનશ્રી સુમંતભાઈ પટેલ, વાઈસ ચેરમેનશ્રી કૃષ્ણભાઈ પટેલ અને **MMT Expo** ના શ્રી પ્રશાંતભાઈ બહલ સાથે એસોસીએશનના કારોબારી સભ્યભાઈઓ વચ્ચે મીટીંગનું આયોજન થયેલ હતું જેમાં એસોસીએશનના દ્વારા એસોસીએશનની વિવિધ પ્રવૃતીઓ, રાજકોટ મશીન ટુલ્સ ઉદ્યગ વિશેની માહિતી વગેરે જણાવવા વિડીયો પ્રેઝન્ટેશન કરવામાં આવેલ.  આ ઉપરાંત રાજકોટ મશીન ટુલ્સ ઉદ્યોગોના વિકાસ માટે અને ભવિષ્યના પ્લાન બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

ત્યારબાદ ચેરમેનશ્રી સુમંતભાઇ તથા વાઇસ ચેરમેનશ્રી કૃષ્ણભાઇએ **MMT Expo 2020** એક્ઝીબીશનની **MTMA** ના બોર્ડ મેમ્બર્સ સાથે શુભેચ્છા મુલાકાત લીધેલ હતી અને રાજકોટની કંપનીઓએ એમના કામ બદલ બીરદાવેલ.







## • Online Board Meeting

તારીખ ૦૫.૦૪.૨૦૨૦ ના રોજ કોરોના મહામારીના કારણે થયેલ લોકડાઉનના લીધે **Online** બોર્ડ મીટીંગ કરેલ અને આવનારી પરિસ્થિતિઓ માટેની ચર્ચા થયેલ અને **Covid 19** માટે આગામી કયા કયા પગલા લેવા તેની ચર્ચા કરવામાં આવેલ હતી.











## • કોરોના મહામારી માટેના લોકડાઉન દરમ્યાન એસોસીએશન દ્વારા કરવામાં આવેલ વિવિધ કામગીરીઓ

કોરોના વાયરસ મહામારીના સમયમાં એસોસીએશન દ્વારા અલગ અલગ સેવા કાર્યો કરવામાં આવેલ, જેમાં એસોસીએશનના રાજકોટ શહેરી વિસ્તારના સભ્યભાઈઓની ફેકટરીમાં રહેતા કામદારોને રાશન કીટનું વિતરણ, એસોસીએશનના કારોબારી સભ્યભાઈઓ દ્વારા, રૂબરૂ તેમની ફેકટરી પર કરવામાં આવેલ હતું. રાશન કીટમાં ઘઉનો લોટ, ચોખા, ખીચડી, ચણાનો લોટ, તુવેર દાળ, તેલ, નમક તથા મસાલા વગેરેનો સમાવેશ કરવામાં આવેલ.

એસોસીએશન વતિ પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારા, સેક્રેટરીશ્રી તેજસભાઈ દુદકીયા, ખજાનચીશ્રી કનકસિંહ ગોહીલ, જો. સેક્રેટરીશ્રી દેવલભાઈ ઘોરેચા તથા કારોબારી સભ્યશ્રી અશ્વીનભાઈ કવા, શ્રી કરણભાઈ પરમાર, શ્રી બ્રીજેશભાઈ સાપરીયા તથા શ્રી બીપીનભાઈ સિધ્ધપુરા દ્વારા આ તમામ કાર્યની જહેમત ઉઠાવવામાં આવેલ અને આ કાર્ય તારીખ ૦૨ થી ૦૭ મે,૨૦૨૦ દરમ્યાન કરવામાં આવેલ.




કોરોના વાયરસ મહામારીના સમયમાં લોકો માસ્કનો ખાસ ઉપયોગ કરે તે ઉમદા હેતુથી રાજકોટના વિવિધ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રહેતા શ્રમયોગીઓને સતત ૫ દિવસ સુધી દરરોજ સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન માસ્ક વિતરણ કરવામાં આવેલ હતું.

આ તમામ કાર્ય બાબતની જહેમત એસોસીએશનના પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારા, સેક્રેટરીશ્રી તેજસભાઈ દુદકીયા, ખજાનચીશ્રી કનકસિંહ ગોહીલ, જો. સેક્રેટરીશ્રી દેવલભાઈ ઘોરેચા તથા કારોબારી સભ્યશ્રી બીપીનભાઈ સિધ્ધપુરા દ્વારા ઉઠાવવામાં આવેલ.










કોરોના વાયરસ મહામારીને અનુલક્ષીને જાહેર જનતા જોગ એસોસીએશન દ્વારા રેડીયો મીર્ચીના માધ્યમથી ૧૫ સેકન્ડની એક જીંગલ તારીખ ૧૧.૦૪.૨૦૨૦ થી ૩૦.૦૪.૨૦૨૦ દરમ્યાન કુલ ૧૪૦ વખત પ્રસારીત કરવામાં આવેલ

## • એસોસીએશન દ્વારા સરકારશ્રીને આવેદન પત્રો અપાયા

કોરોના વાયરસ મહામારીને અનુલક્ષીને મશીન ટુલ્સ ઉદ્યોગોના પ્રશ્નોને વાચા આપવા એસોસીએશન દ્વારા અલગ અલગ આવેદન પત્રો રાજકોટ કલેકટરશ્રીના માધ્યમથી આપવામાં આવેલ હતા. જેમાં નીચે મુજબના આવેદન પત્રોનો સમાવેશ થયેલ.

**૧) મુખ્યમંત્રીશ્રી**

"લઘુતમ વેતનધારા હેઠળના ખાસ ભથ્થા રદ કરવા બાબત" અંગેનું આવેદન પત્ર તા.૨૫.૦૪.૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ

"લોકડાઉન બાદ ઉદ્યોગો શરૂ કરવા માટે સરકારશ્રી તરફથી રાહત સહાય અંગેના સુચનો" અંગેનું આવેદન પત્ર તા.૨૫.૦૪.૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ

**૨) કલેકટરશ્રી**

"રાજકોટ શહેરના (મહાનગરપાલીકા વિસ્તાર) ના ઔદ્યોગીક એકમો શરૂ કરવાની પરવાનગી" અંગેનું આવેદન પત્ર તા.૦૫.૦૫.૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ

"લોકડાઉન દરમ્યાન ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓ બાબત" અંગેનું આવેદન પત્ર તા.૦૧.૦૫.૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ

**૩) RBI ગવર્નરશ્રી**

"લોનના હપ્તા ભરપાય કરવાના સમય વધારા બાબત" અંગેનું આવેદન પત્ર તા.૦૩.૦૫.૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ

## • એસોસીએશન દ્વારા ઉદ્યોગકારોને ફેકટરી ચાલુ કરવાની પરમીશન આપવા બાબતની કામગીરી

તારીખ ૧૩ થી ૧૮ મે, ૨૦૨૦ દરમ્યાન એસોસીએશનની ઓફીસ પરથી ફેકટરી ચાલુ કરવા માટેની કામગીરી શરૂ કરવામાં આવેલ હતી. જેમાં રાજકોટ જીલ્લા કલેકટરશ્રીની ઓફીસ દ્વારા જીલ્લા ઉદ્યોગ કચેરીના શ્રી પઢીયાર સાહેબની નીમણુંક કરવામાં આવેલ હતી અને તેઓ સાથે એસોસીએશનના કારોબારી સભ્યભાઈઓ દ્વારા ફેકટરી ચાલુ કરવા માટેની પરમીશન આપવાનું કામ પ્રોપર સોશ્યલ ડિસ્ટન્સ અને સરકારશ્રીના જાહેરનામા મુજબ ધ્યાન રાખી ખુબજ ઝડપી અને સરસ રીતે પુર્ણ થયેલ હતું.

આ કામગીરી માટે કલેકટરશ્રી રમ્યા મોહન, એડી. કલેકટરશ્રી પંડયા સાહેબ, જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના શ્રી મોરી સાહેબનો પણ ખુબજ સારો સાથ સહકાર મળેલ અને એ માટે એસોસીએશન એમનું આભારી છે.




















## • Foot Sanitizer Machine

રાજકોટના મે. ઉષા મશીન ટુલ્સના શ્રી જીજ્ઞેશભાઈ સંચાણીયા અને શ્રી આકાશભાઇ દાવડા દ્વારા **Foot Sanitizer Machine** તૈયાર કરવામાં આવેલ અને એસોસીએશનના લાભાર્થે એક મશીન ભેટ રૂપે આપવામાં આવેલ, તે બદલ એસોસીએશન તેઓનું આભારી છે.




## • Development of Import Substitute કમીટીનું ગઠન

લઘુ ઉદ્યોગ ભારતીના શ્રી હંસરાજભાઈ ગજેરા અને **PTC - Rajkot** દ્વારા **"Development of Import Substitute"** માટે કમીટી બનાવવાનું સુચન કરવામાં આવેલ. આ કમીટી માટે એસોસીએશનના પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારા, સેક્રેટરીશ્રી તેજસભાઈ દુદકીયા, જો. સેક્રેટરીશ્રી દેવલભાઈ ઘોરેચા, જયોતી સી.એન.સી. ઓટોમેશન લી. ના સી.ઈ.ઓ. શ્રી પરાક્રમસિંહ જાડેજા, યંત્રા મેન્યુફેકચર્સના શ્રી વિનોદભાઈ ત્રિવેદી તથા એચ. પી. પ્રોડકટસના શ્રી પરેશભાઈ ગજજર ના નામોનો સમાવેશ કરવામાં આવેલ.




આ માટે ઓનલાઈન મીટીંગનું આયોજન કરવામાં આવે છે જેમાં ઉપરોકત એસોસીએશનના સભ્યો સીવાય ગુજરાતભર ના વિવિધ ઉદ્યોગપતીઓનો પણ સમાવેશ કરેલ છે અને આવનારા દિવસોમાં મશીન ટુલ્સ ઉદ્યોગને બહોળો લાભ થવાની આશા છે.


## • આજીવન લવાજમ બાબત

એસોસીએશનના સભ્યભાઈઓને દર વર્ષે લવાજમ ભરવાની ઝંઝટ માંથી મુકતી મળે અને લાંબાગાળાનો ફાયદો મળે તે હેતુસર આજીવન લવાજમ સ્કીમ તૈયાર કરવામાં આવેલ છે.

આ માટે આજીવન લવાજમ ભરનાર સભ્યભાઈઓ માત્ર રૂ.૧૫૦૦૦/- (+ 18% GST) ભરીને જયાં સુધી કંપનીના **GST** નંબર માં ફેરફાર ન થાય ત્યાં સુધી એસોસીએશનના સભ્યપદે રહી શકશે. તો સર્વે સભ્યભાઈઓને આ આજીવન લવાજમ સ્કીમનો લાભ લેવા વિનંતી.

## ● એસોસીએશનની નવી કોન્ટેક્ટ ઈન્ફર્મેશન

એસોસીએશની નવી કોન્ટેક્ટ ઈન્ફર્મેશન નીચે મુજબ છે.




એસોસીએશનના ઉપરોક્ત નવા કોન્ટેકટસ આપ સૌ નોંધી લેશો. ખાસ તો મોબાઈલ નંબર, કેમકે હવે પછીથી દરેક માહિતીઓ ઈ-મેઈલ ઉપરાંત **WhatsApp** દ્વારા **Broadcast Message** દ્વારા મોકલવામાં આવશે. જો આપે આ નવો નંબર તમારા ફોનમાં સેવ નહી કર્યો હોય તો આપને એસોસીએશન દ્વારા મોકલવામાં આવતી બહુ-ઉપયોગી માહિતીઓ નહી મળી શકે.

આ ઉપરાંત થોડા સમય બાદ એસોસીએશન દ્વારા **SMS** થી મોકલાતી માહિતીઓનું કામ પણ બંધ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.





## ● MTMA Member's Activities

**Jyoti CNC Automation Ltd.,** Rajkot shapes a new hope to save millions of lives by manufacturing DHAMAN-I Ventilator to combat COVID-19.




DHAMAN-I is successfully tested and certified by EQDC, Gandhinagar.

Team Jyoti announced that the 1st prototype Ventilator was designed and developed in just 10 days as this was a race against time to save lives of our people.

Mr. Parakram Jadeja - CMD of the company has taken this great initiative to manufacture Ventilators and support the Nation in this unprecedented crises, as we all grappled to fight against COVID-19.

Team Jyoti is geared up to ramp up the production to 1,000 Ventilators in the first batch and help to save as many lives as possible.




The device is used to seal the seam of the Personal Protection Equipment (PPE) kits so that viruses cannot penetrate from the small pores and infect the person, said Mr. Rupesh Mehta, Director of **Macpower CNC Machine Ltd.,** Rajkot. He said that it is country's first indigenous hot air seam sealing machine, used to manufacture PPE kits at half price of the imported ones. The machine, manufactured with the guidance of doctors at IMA, was unveiled by Gujarat CM Mr. Vijay Rupani.

At present, India is importing the machine at a higher cost, and it takes three to four months to get the delivery. In the first batch, the company will manufacture 200 units of the machine. The kits become 100% secure when they are completely sealed.

On behalf of all the members, MTMA heartily congratulate the entire team of Jyoti CNC Automation Ltd. & Macpower CNC Machine Ltd.

## MTMA's Social Responsibilities and Contribution

### • PM CARES Fund & CM Relief Fund Donation

કોરોના વાયરસ મહામારીએ જીવનું જોખમ ઉભુ કરેલ છે ત્યારે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રજાને રાહતનિધિ ફંડમાં સહયોગ આપવા આહવાન કરવામાં આવ્યુ હતું.

આ બાબતે એસોસીએશન દ્વારા પણ આ મહામારીની લડત માટે ડોનેશન આપવા બાબતનો સરકયુલર તારીખ ૧૨.૦૪.૨૦૨૦ ના રોજ દરેક સભ્યભાઈઓને મોકલીને ડોનેશન આપવા માટે નમ્ર અપીલ કરવામાં આવેલ.





કોરોના વાયરસ મહામારીને પહોંચી વળવા માટે એસોસીએશન દ્વારા તારીખ ૨૭.૦૪.૨૦૨૦ ના રોજ **PM CARES** ફંડમાં રૂા.૫૧,૦૦૦/- અને **CM** રાહત ફંડમાં રૂા. ૧,૧૧,૦૦૦/- નું અનુદાન આપવામાં આવેલ. જેના ચેક એસોસીએશનના પ્રમુખશ્રી યોગીનભાઈ છનીયારા, સેક્રેટરીશ્રી તેજસભાઈ દુદકીયા, ખજાનચીશ્રી કનકસિંહ ગોહીલ અને કારોબારી સભ્યશ્રી કેતનભાઈ ગજેરા દ્વારા ડેપ્યુટી કલેકટરશ્રી પી.બી. પંડયાને સુપ્રત કરવામાં આવેલ હતા.





## Useful Apps

### Chat Whats for WhatsApp (4.0 / 5.0 Review Ratings)

**(ફોન નંબર સેવ કર્યા વગર મેસેજ મોકલો)**

અત્યારના સમયમાં બધાને તાત્કાલિક જવાબ જોઈએ છે અને વિગતવાર જોઈએ છે. WhatApp આ માટેનું અતિ મહત્ત્વનું માધ્યમ છે.

પણ આ માટેની મોટી તકલીફ એ હતી કે, જે લોકો ના નંબર આપણા કોન્ટેક્ટ લિસ્ટમાં નથી તેને મેસેજ મોકલવા માટે આપણે તે નવો નંબર સેવ કરવો પડતો. પરંતુ હવે આ નવી એપથી આ તકલીફ દૂર થઈ ગઈ છે.

Chat Whats થી તમે ફોન નંબર સેવ કર્યા વગર મેસેજ મોકલી શકો છો.

ચેક કરી જુઓ...

### Google Translate (4.5 / 5.0 Review Ratings)

આમ તો ગુગલ ટ્રાન્સલેટ એ અજાણી એપ નથી, પરંતુ તમે જો એને અપડેટ ના કરી હોય તો કરી લેજો.

આમ ઘણાં બધા ઉપયોગી ફીચર્સ આવી ગયા છે...


– ઘણી બધા ભાષાઓનો સમાવેશ

– વાતચીત દરમ્યાન ટ્રાન્સલેટ

– ફોટો ઉપરથી ટ્રાન્સલેટ વિગેરે

આ ખરેખર બહુ ઉપયોગી એપ છે...

અજમાવી જુઓ...



## ભૂતપૂર્વ બોર્ડ મેમ્બરની કલમે...



**શ્રી શૈલેષભાઈ કવા**
મેનેજીંગ ડિરેક્ટર,
(શૈલેષ મશીન ટૂલ્સ પ્રા.લી. અને કવા પ્રેસ સિસ્ટમ પ્રા.લી., રાજકોટ)
(૧૯૯૧-૧૯૯૯ અને ૨૦૦૩-૨૦૦૭ ખજાનચી,
૧૯૯૯-૨૦૦૦ ઉપપ્રમુખ, ૨૦૦૧-૨૦૦૩ માનદ્‌મંત્રી, ૨૦૦૭-૨૦૧૫ પ્રમુખ,
૨૦૧૫-૨૦૧૯ કારોબારી સભ્ય)

માનવીય જીવનમાં સ્વવિકાસ માણસ માત્ર પોતાની આવડત કે શિક્ષણ પરથી જ નથી કરી શકતો; હા પણ તે જરૂરી છે. પરંતુ ઘણીવાર તમે જે કાર્યમાં લાગેલા હોય તેમાંથી ન કલ્પેલ કાર્યો કરી શકો અને જીવન વિકાસ કયારે થઈ જાય તે ખબર જ ન પડે.

જેમ માણસ પ્રેમમાં કયારે, કેવી રીતે પડયો તે ખબર નથી રહેતી તેવું જ કંઈક મારા જીવનમાં MTMA સાથે જોડાવવાથી બન્યું છે.

લખવા બેસીએ તો ૧૯૯૧ થી ૨૦૧૯ સુધીની સફર માટે પુસ્તક લખાય જાય. પરંતુ હું અહીં મારા MTMA સાથેના થોડાક સંસ્મરણો આપસૌની વચ્ચે વાગોળીસ. આપ સૌ જાણો છો MTMA લગભગ ૧૯૮૩-૮૪ થી બેરીંગની જરૂરિયાતવાળા ૨૦-૨૫ મેમ્બ્યુ. થી શરૂ થયેલ એસોસીએશન છે. ૧૯૯૨ માં બેરીંગ વિતરણમાં અન્યાયને કારણે શ્રી રૂપેશભાઈ મહેતા અને શ્રી રાજુભાઈ ભંડેરીએ વિરોધ કરી સમજદાર વડીલોની દરમિયાનગીરીથી એ કારોભાર યુવાનોને સોંપ્યો. તે સમયે શ્રી કાંતિભાઈ પટેલ (JK મશીન ટુલ્સ - હાલ અતુલ મશીન ટુલ્સ) ને પ્રમુખ બનાવ્યા, મને ટ્રેઝરર બનાવ્યો. શ્રી કાંતિભાઈ પટેલની ફેકટરી પર મિટીંગો કરતા તે સમયમાં જૂની ટીમના સ્વ. સંજયભાઈ મણીયાર, સ્વ. સુરેશભાઈ કામદાર પણ સાથે હતા. સમયાંતરે શ્રી કાંતિભાઈ પટેલ પછી શ્રી પ્રતાપભાઈ રાઠોડ અને ત્યારબાદ શ્રી રૂપેશભાઈ મહેતા પ્રમુખ બન્યા.

શ્રી રૂપેશભાઈ મહેતાની ટીમમાં હવે અમે બધા અનુભવી બન્યા. બેરીંગ સિવાયના અન્ય કામો માટે એસોસીએશન બનાવવાનું સ્વપ્ન પૂર્ણ કર્યું તેમજ અમે ડીરેકટરીની શરૂઆત કરી. જયાં મારી સાથે કમિટીમાં શ્રી મનુભાઈ કરગથરા (કાવેરી), શ્રી નરેન્દ્રભાઈ વાઘેલા (પ્રેસીડેન્ટ એન્જી.), શ્રી દિપકભાઈ (નેમકો મોટર્સ), વિગેરે હતા. ત્યારે અમે દર બુધવારે જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર જઈને એડ કલેકટ કરતા. પરંતુ ડીરેકટરી બનાવ્યા પછી વિચાર આવ્યો કે, જાહેરાતો આપણી, મહેનત આપણી, તો આ ડીરેકટરી બનાવવાનો ખર્ચ પણ આપણે કરવાનો ? આ વાત ગળે ઉતરી નહીં. ત્યારબાદ ૩ થી ૪ વર્ષ પછી ડીરેકટરીમાંથી ઇનકમ થાય તે રીતનું મોડલ તૈયાર કર્યું, જે આજ સુધી MTMA નો કમાઉ દીકરો છે.

બીજો વિચાર ૨૦૦૪-૦૫ માં અમારી ટીમે તે કર્યો કે, જુદા જુદા Exhibitions અમદાવાદ, મુંબઈ, દિલ્હી આયોજીત થાય ત્યારે આપણે તેમાં જઈએ. તે પણ ૨૧ થી ૨૫ જેટલી કંપની રાજકોટની ભાગ લેતી હોય તો રાજકોટમાં જ શા માટે Exhibition ન કરી શકાય? તેમાંથી Rajkot Machine Tools Show ની શરૂઆત ૨૦૦૬ થી થઈ અને તે પછી તેમાં પણ એસોસીએશને સારી રોયલ્ટી મળે અને ભાગ લેનારનો વ્યાજબી ભાવ મળે તેવું મોડલ બન્યું. ૨૦૦૬ માં માત્ર ૭૫ થી ૮૦ પાર્ટીસીપેન્ટ અને ૨૨૦૦ થી ૨૫૦૦ Sq. mtr. નો Rajkot Machine Tools Show, MTMA ની ટીમ K & D





Communications Ltd.- અમદાવાદના શ્રી કમલેશભાઈ ગોહેલની આગવી શૈલીથી Rajkot Machine Tools Show આજે ભારતભરમાં નામના ધરાવતું Exhibition બની ગયું છે.

૨૦૦૬ માં શ્રી રૂપેશભાઈ મહેતાએ પ્રમુખપદેથી પોતાને મુકત કરવા તત્કાલીન સભ્યોને વાત કરી. એટલે માત્ર બે વર્ષ માટે મેં જવાબદારી લેવાની હા કરી, જે પછી આઠ વર્ષ સુધી આ કામની જવાબદારી સંભાળવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

જોગાનુંજોગ ત્યારથી એસોસીએશનમાં બે કમાઉ દીકરા ડીરેકટરી અને Rajkot Machine Tools Show ધીમે ધીમે એસોસીએશનનું ભંડોળ વધારવા લાગ્યા હતા. વિશેષ કામગીરી ૨૦૧૦ થી UNIDO સાથે ટેકનોલોજી અપગ્રેડેશનનાં કારણે થયો. જેના કારણે અનેકવિધ પ્રવૃતિઓ કરવાનો અને શીખવા-સમજવાનો અવસર મળ્યો. જેમાં MTMA તેમાં પંજાબ મશીન ટુલ્સ એસોસીએશન, બેંગ્લોર મશીન ટુલ્સ એસોસીએશન જેવા વિવિધ એસોસીએશન સાથે સમયાંતરે મિટીંગ, વિઝીટ ગોઠવાય તેમજ વિવિધ દેશો ચાઈના, તાઈવાન, કોરીયા, જાપાન, જર્મની, ઈટલી, યુ.એસ.એ., તુર્કી જેવા દેશોમાં ડેલીગેશનો તેમજ એકઝીબીશન પાર્ટીસીપેન્ટ જેવી કામગીરી સરળ બની.

Seeing is Believing એ કહેવત મુજબ આપણા ઉદ્યોગકારો બધુ જોવા-જાણવાથી તેવું કેવી રીતે બની શકાય તે સ્થાન જોવા લાગ્યા. તે માટે UNIDO નો ટેકનોલોજી અપગ્રેડશન પ્રોગ્રામ જે બે વર્ષ માટે હતો તે ૪ વર્ષ લંબાવ્યો. જેનાથી ટેકનોલોજી, માર્કેટીંગ, ISO, વિગેરે માટે લગભગ ૨૫ કંપનીઓ સાથે મળીને કામ કર્યું.

આઠ વર્ષના પ્રમુખ સ્થાન પર રહેતા સવાલ થતો હવે કેટલો ટાઈમ આપણે જ આ સ્થાને રહેવાનું? જો રોટેશન થાય તો જ નવા સભ્યોને સેવાનો લાભ મળે અને પરિવર્તન અને પ્રગતિ એ એક સિક્કાની બે બાજુ છે. તેથી આખરે ૨૦૧૪ માં એસોસીએશનના પ્રમુખ તરીકે નિવૃત્ત થયો. મારા સાથી શ્રી દિનેશભાઈ ખંભાયતાએ તે જવાબદારી લેવા તૈયારી બતાવી. પ્રમુખ પછી કારોબારી સભ્ય તરીકે ૨૦૧૮ સુધી ટીમ સાથે રહ્યો.

કેટલાક સ્વપ્નો જે બાકી રહ્યા છે તેમાં...

૧. એકઝીબીશન સેન્ટર વિવિધ એસોસીએશન સાથે રાખીને બનાવવું.

૨. સ્કીલ ડેવલપમેન્ટ માટે કાયમી ટ્રેનીંગ સ્કૂલ બનાવવી.

૩. ટેકનોલોજી ટ્રાન્સફર + કોલોબ્રેશન માટે એસોસીએશનમાં એક કાયમી ટીમ બનાવવી.

૪. વિવિધ શહેરોમાં માત્ર MTMA ના મેમ્બર્સ સાથે મીની Exhibition કરવા અને B2B નું આયોજન કરવું.

છેલ્લે... હું ખૂબ જ ઋણી છું મારી સાથે કામ કરનાર તે તમામ કારોબારી સભ્યો, મેમ્બર્સ અને અનેકવિધ સંસ્થાઓ, કંપનીઓ કે જેમણે મને તમામ સ્તરે ખૂબ જ સહયોગ આપીને એસોસીએશનની પ્રવૃતિઓને જીવંત રાખી છે. આજે તેમાંના સંજયભાઈ મણીયાર, સુરેશભાઈ કામદાર, દિપકભાઈ, અનિલભાઈ આપણી વચ્ચે નથી. તેમને હૃદયથી શ્રદ્ધાંજલી આપું છું.

હાલની યુવા ટીમ શ્રી યોગીનભાઈ, શ્રી હરેશભાઈ, શ્રી તેજસભાઈ, શ્રી કનકસિંહ, શ્રી દેવલભાઈ તેમજ અન્ય કારોબારી સભ્યો તેથી પણ વધુ નિષ્ઠાથી, ઉત્સાહથી વિવિધ પ્રવૃતિઓ કરે છે તે સરાહનીય છે. તે બધાને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

## આમંત્રિત લેખકની કલમે...



**શ્રી વિરાટભાઈ ઢેબર**
આંતરરાષ્ટ્રીય ટ્રેનર,
પર્સોનાલીટી અને પર્ફોમન્સ કોચ,
લેખક અને પબ્લિક સ્પીકર

"Subhiksha" નું નામ તમે સાંભળેલું જ હશે. ૧૯૯૯ માં માત્ર એક સ્ટોરથી શરૂઆત કરેલ. આ કંપની ૨૦૦૭ સુધીમાં એક હજાર સ્ટોર સ્થાપી ચૂકી હતી. આ કંપનીની નીતિ અને આયોજન સ્પષ્ટ હતું. સમગ્ર દેશમાં ગામેગામ-ખૂણે ખૂણે આવેલા કિરાણા અને પ્રોવિઝન સ્ટોર્સનું વિકલ્પ બનવાનું.

કંપનીની સ્થાપક અને એમ.ડી. શ્રી આર. સુબ્રામનીયમનું એક નિર્ણાયક પગલું જેમાં તેઓ દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુ ઓછા ભાવે અને ચોખ્ખી અને તાજી સ્થિતિમાં વેચવા માંગતા હતા. આ આઇડીયા નવો ન હતો. Wallmart USA નું એક નાનું રૂપ તે Subhiksha માં જોઈ રહ્યા હતા.

થોડા જ સમયમાં Subhiksha સ્ટોરની સંખ્યામાં ભારતની સૌથી મોટી કંપની તરીકે ઉભરી આવી. જેમાં ખાદ્ય પદાર્થો, કિરાણા જ્યાં જોઈએ ત્યારે જેવી જોઈએ તે ફોરમેટમાં સ્ટોર ઉપલબ્ધ થયા.

નવેમ્બર ૨૦૦૮ માં કંપનીએ ૯૦ સ્ટોર બંધ કરી દીધા. જાન્યુઆરી ૨૦૦૯ માં કંપની નાણાકિય ભીંસમાં આવી ગઈ. ભાડા ન ભરવાને કારણે સ્ટોર ટપોટપ બંધ થવા લાગ્યા. સપ્લાયરોએ માલ આપવાનું બંધ કર્યું. કારણ કે, કંપનીએ પેમેન્ટ આપવામાં ખૂબ જ ઢીલ કરેલી. સરકારની EPF Office માંથી કંપનીના બેંક એકાઉન્ટ પર છાપો માર્યો, કારણ કે આશરે અઢી કરોડ રૂપિયાનું P.F. ચૂકવેલ ન હતું. ઓકટોબર ૨૦૦૮ થી કર્મચારીઓના પગાર સમયસર ચૂકવવાના બંધ થયા. આશરે ૧૫૦૦૦ પરિવારો પર અસર થઈ.

આર. સુબ્રામનીયમ IIM Ahmedabad અને IIT Madras ના વિદ્યાર્થી હતા પણ તેમની રણનિતી સફળ ન થઈ. વિશ્લેષકોએ ઘણાં અભ્યાસ અને પ્રયાસો સૂચવેલા, જે કારગત સાબિત ન થયા. આ સૂચનો Subhiksha ના મેનેજમેન્ટએ અમલમાં મૂકયા પરંતુ અમુક મુદ્દામાં માર ખાઈ ગયા. ચાલો, નજર નાખીએ...

પ્રથમ સૂચન એવું હતું કે, સ્ટોરની સંખ્યા વધારતા જવી અને દરેક સ્ટોરમાં માલ ભરપૂર રાખવો, જેથી ગ્રાહકને કોઈપણ વસ્તુ જે સમયે જોઈએ ત્યારે મળે. મેડીસીનથી લઈને મોબાઈલ સુધી સ્ટોકનો ભરાવો થવા લાગ્યો. Subhiksha સામાન્ય માણસો માટે બનાવવામાં આવેલ સ્ટોર્સની ચેઈન હતી પણ સામાન્ય માણસ મોબાઈલ ખરીદવા મોબાઈલનાં સ્ટોરમાં જતો અને શાકભાજી ખરીદવા લારી પર જતો. Special Pull વાળા ગ્રાહકો મેળવવામાં Subhiksha સફળ ન થઈ. સામાન્ય માણસ સુધી પહોંચવાની માર્કેટીંગ યોજના હતી જ નહીં.


બીજું, સ્ટોરના તમામ સ્ટાફ લોકલ હોવા જોઈએ એવું સૂચન હતું. તેનું પૂરેપૂરું પાલન થયું પરંતુ લોકલ સ્ટાફને ટ્રેનીંગ બરાબર ન આપવામાં આવી. તેમનું ગ્રાહકો સાથેનું વર્તન-વિવેકસભર-વ્યાવસાયીક ન હતું. તેઓમાં પરિવેશ-પોષાક બાબતે સાતત્ય ન હતું. તેઓ સ્વચ્છતા ન રાખતા. એક સમય હતો કે, એક સપ્તાહમાં બે-ત્રણ નવા સ્ટોર અને દરરોજ ૮-૧૦ કર્મચારીઓ Subhiksha ભરતી કરતું હતું. આમ બેકામ વધારા અને ભરતીના ખર્ચમાં ટ્રેનીંગ પર ભાર ન મૂકાયો. ગ્રાહકોની ફરિયાદોથી અનુભવી કર્મચારીઓ ગ્રાહકની ગાળો સાંભળવા માંડ્યા અને નાસીપાસ થઈ કંપની છોડવા માંડ્યા. બીનઅનુભવી સ્ટાફ બચ્યો પણ ગ્રાહકો ઓછા થવા લાગ્યા. એવું કહેવામાં આવે છે કે, Firms must change or Die. મારો સવાલ એ છે કે, "was Subhiksha undone by changes it did not make or by ones it did ?"





હું તમામ ઉદ્યોગપતિઓએ એક બાબત પર ધ્યાન દોરવા માંગુ છું, જેનું નામ છે "Hind Sight Bias."

જયારે તમે તમારા ઉદ્યોગ-ધંધાના વિકાસ માટે હરણફાળ ભરો ત્યારે તમારો અંતરાત્મા, તમારા મિત્રો, સલાહકારો તમણે ઘણાં સૂચનો આપશે. આ સૂચનો ધ્યાથી જરૂર સાંભળો અને અમલ કરતી વખતે Hind Sight Bias થી બચો.




તમારા નિર્ણયો તમારા સહિત ઘણા પરિવારોની આર્થિક, સામાજીક, નૈતિક પેરાશુટનું કામ કરતા હોય છે. એવું પેરાશુટ કે જયારે આપણે બાંધીએ છીએ ત્યારે ખબર નથી હોતી કે કોના જીવને બચાવશે. વાસ્તવિકતા ડામરના રસ્તા જેવી હોય અને વિચારો વાદળા જેવા મુલાયમ. તમારે રસ્તા પર જ ચાલવાનું અને વાદળાના પ્રકાર અને પ્રમાણ પર ધ્યાન રાખવું.

સરળ શબ્દોમાં Hind Sight Bias ને સમજાવું તો ''મને બધી ખબર ન હતી'' અથવા ''મને ખ્યાલ જ હતો કે આમ જ થશે.'' આ એક પ્રકારની માનસિકતા છે જે અગત્યના નિર્ણયોમાં 'ઓવર કોન્ફીડન્ટ' બનાવી અને ઘણીવાર વિપરીત પરિણામો આવે. એમ કહેવાય છે કે, જે આપણે સતત વિચારીએ, છેવટે તેવું જ થાય અને મોટા ભાગે થાય પણ ખરૂ. મુદ્દાની વાત એ છે એ ઘટના ઘટે કે કાર્ય પૂરું થાય. તે પછીની એની "Impact". Impact એટલે મોટા પાયે મોટા વર્ગના લોકો પર થતી અસર.

Subhiksha ના કેસમાં એક વધુ પડતા મહત્વાકાંક્ષી ઉદ્યોગ સાહસિકે "Impact" નો વિચાર ન કર્યો. ધડાધડ સમગ્ર દેશમાં આઉટલેટ ખોલી દીધા. પરંતુ ટપોટપ બંધ થશે ત્યારે તેની અસર (Impact) સમગ્ર Eco System પર કેટલી આવશે તેનો ખ્યાલ જ ન રાખ્યો.

ટૂંકમાં મોટી મહત્વકાંક્ષા - મોટા સપનાં જોતા ઉદ્યોગ સાહસિકોએ નીચેની બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ.

મને બધો ખ્યાલ જ છે એ માનસિકતા તમારી વ્યક્તિગત છે પરંતુ એ માનસિકતાને આધારે લીધેલા નિર્ણયો કયારેક ગંભીર પરિણામો લાવે છે.

કોઈપણની સલાહનો આંધળો અમલ ન કરવો. ઘણીવાર મોટી કંપનીના માલિકના સુવિચારો, બિઝનેસકોચના ઢગલાબંધ વિડીયો, ટ્રેનરોની સલાહોનું આંધળું અનુકરણ વિકાસને બદલે વિનાશને નોતરે છે.

આપણી Eco System ના આપણાં કર્મચારીઓ, તેના પરિવારો, સપ્લાયરો અને તેના પરિવારો, ગ્રાહકો અને તેના પરિવારો પર તમારા Eco System ની ઉપજ એવા ''ઓવર કોન્ફીડન્ટ'' વાળા ''દેખાડી દઉં'' એવી માનસિકતા વાળા નિર્ણયોથી સાવધ રહેવું.

RADHEKRISHNA INDUSTRIES

( An ISO 9001:2008 Certified Company)

Mfrs.: Wood Working Machinery

www.rkiwoodmachine.com



Thickness Planer Machine Double Piston Heavy

Combined Planner

Spindle Moulders

Surface Planer with Circular

Chain Mortiser

Teno Mac

Combined Planner

Jigsaw Machine

Band Saw Machine

RADHEKRISHNA INDUSTRIES

Contact : Mr. C.J. Dodia

Ph. : (O) : (0281) 2388939 Mobile : +91-98240 88998, +91-99241 08898

Email : info@rkiwoodmachine.com, radhekrishnaind9@gmail.com

Web : www.rkiwoodmachine.com



Metro TOOLING SYSTEM

"Metro House",
12-bhaktinagar Station Plot,
Rajkot-360002

DISTRIBUTOR & CHANNEL PARTNER OF

1) Mitsubishi – Cutting Tools
2) Wohlhaupter – Boring Tools, Drilling, Reaming Tools
3) Belgin – Cutting Oil, Industrial Lubricants
4) TSi Power – Static PWM Powerline Conditioner
5) Blum – Laser Measuring Probe
6) Autodesk – Cam Software Solution

Email: sales@metrotooling.com, Mobile: 93274 20513, 93756 15046


A GOAL
WITHOUT A PLAN
IS JUST
A WISH


more than 3500 machines are working with satisfaction

SINCE-1995

ISO 9001:2015 CERTIFIED



JAY-SHREE®

MACHINES PVT. LTD.

AN ISO 9001: 2015 CERTIFIED COMPANY

Mfg. sheet cutting & forming machinary

Regd. Office : New Naheru Nagar 80 Feet Main Road, Dhebar Road (South), Atika, Rajkot-360 002. Cell 94287 98174 / 93744 38001

Factory : Plot No. G-1148, Road No. G-1, Kishan Gate, G.I.D.C. Metoda Tal.-Lodhika, Dist., Rajkot-360 021. (Guj.) India

Web : www.jayshreemachines.com E-mail : jayshreemachines@ymail.com Cell : 94272 21046 / Whatts App. No. 8000 48 8080







SANTOSHI ELECTRO. ENGINEERING

CNC, PLC, SPM, MACHINE CONTROL PANEL BUILDER and AC, DC, DRIVES and INDUSTRIAL MACHINE PANEL MAINTENANCE

Our Services

- All Kind Of SPM Machine Manufacturing and Maintenance
- Retrofitting Work
- Vision Camera and Robotics System
- Trading All Kind of Automation Product

Automation Solution



ROBOTICS SYSTEM



5 Axis Robot SCADA robot Articulated robot

VISION CAMERA SYSTEM



Machine Vision System

CONTROL PANELS



Control Panel For Turning Machine (CNC)

Control Panel For 12 Axis Press Break Machine

Control Panel For Grinding Machine (PLC)

RETROFITTED MACHINE



Turn Mill Retrofitting Machine With Siemens 828D Controller

VTL Machine Retrofitting With Siemens 828D Controller

Santoshi Electro Engineering

Samrat Industrial Area, Street No:-3/6, B/H ST Workshop,
N/R Chandan Marbal, Gondal Road, Rajkot (Guj) 360002 India.
Mo. +91-99250 25806 | 98257 97917 | E-mail : santoshi.electro@gmail.com

website : santoshielectroengineering.com

## છેલ્લે એક નાની વાત...

ભૌતિકશાસ્ત્ર (Physics) ના ક્લાસ દરમ્યાન શિક્ષકે વિદ્યાર્થીઓને પૂછ્યું, "મોટર કાર માં બ્રેક શું કામ આપવામાં આવે છે?

જવાબો અલગ અલગ મળ્યા..

"ઉભું રહેવા"

"ઝડપ ઘટાડવા"

"અકસ્માત ટાળવા"

પણ સૌથી સારો જવાબ હતો... "ઝડપથી મોટરકાર ચલાવવા"

વિચાર કરી મૂકે એવો જવાબ છે...નહિ?

કલ્પના કરો કે તમારી મોટરકાર માં બ્રેક છે જ નહિ..... તો તમે મહત્તમ કેટલી ઝડપે કાર ચલાવી શકશો? વિચારો ....

બ્રેક છે એટલે જ આપણે એક્સસેલેટર–પેડલ ને દબાવીને ઝડપી કાર ચલાવવાની હિમ્મત કરી શકીએ છીએ અને આપણી મંઝિલ પર પહોંચી શકીએ છીએ...

જીવનની ઘણી બધી ક્ષણોએ આપણા માતા–પિતા, શિક્ષકો, મિત્રો, માર્ગદર્શકો, વિગેરે આપણને આપણી પ્રગતિ, દિશા કે નિર્ણય ને લઈ ને સવાલો કરતા હોય છે.. તો તેને આપણે આપણા કામમાં અગવડતા કે ઈર્ષાની રીતે જોઈશું કે 'બ્રેક' ની રીતે?

યાદ રાખો કે આ સવાલો (કે સમયાંતર લાગતી બ્રેક) થી જ તમે આજે જ્યાં છો ત્યાં પહોંચી શક્યા છો... આવી 'બ્રેક' વગર તમે કદાચ લપસી પડો કે દિશા ભૂલી જાવ અથવા તો કોઈ ગંભીર અકસ્માત નો ભોગ બની શકો.

તો જીવન માં આવતી આવી **'Priceless Brakes'** ને સલામ કરો અને આગળ વધો.

જાણે–અજાણે જીવનમાં લાગતી આવી 'બ્રેક' થકી જ આજે તમે જે મુકામ પર છો ત્યાં પહોંચી શક્યા છો...

---

## આત્મનિર્ભરતાનો દાખલો કે નમૂનો?








## ASSOCIATION'S COMMITTEE LIST - 2019-20 / 2020-21

| No. | Committee | Members Name | Contact |
|---|---|---|---|
| 1 | Office Building Committee | Mr. Yogin Chhaniara<br>Mr. Karan Parmar<br>Mr. Brijesh Sapariya<br>Mr. Piyush Dodia | 9825075023<br>9227744900<br>9825267325<br>9426734687 |
| 2 | Bearing Committee | Mr. Sachin Nagewadia<br>Mr. Ketan Gajera | 9426900070<br>9998844445 |
| 3 | Exhibition & Seminar Committee | Mr. Tejas Dudakiya<br>Mr. Yogin Chhaniara<br>Mr. Karan Parmar<br>Mr. Bipin Siddhapura | 9824231975<br>9825075023<br>9227744900<br>9898858313 |
| 4 | Members Directory & Web Portal Committee | Mr. Haresh Patel<br>Mr. Ashwin Kawa<br>Mr. Deval Ghorecha<br>Mr. Ghanshyam Parmar | 9825211988<br>9825076452<br>9824222448<br>9825216374 |
| 5 | Membership Committee | Mr. Karan Parmar<br>Mr. Brijesh Sapariya<br>Mr. Rajesh Dodia | 9227744900<br>9825267325<br>9824088998 |
| 6 | Sports Committee | Mr. Kanaksinh Gohil<br>Mr. Sachin Nagewadia<br>Mr. Brijesh Sapariya | 9824324398<br>9426900070<br>9825267325 |
| 7 | Cluster Development, Bulletin & other Activity Committee | Mr. Deval Ghorecha<br>Mr. Yogin Chhaniara<br>Mr. Tejas Dudakiya<br>Mr. Kanaksinh Gohil | 9824222448<br>9825075023<br>9824231975<br>9824324398 |
| 8 | Account / Charity Commissioner & Taxation Committee | Mr. Kanaksinh Gohil<br>Mr. Yogin Chhaniara<br>Mr. Bipin Siddhapura | 9824324398<br>9825075023<br>9898858313 |

Founded in 1985

# MACHINE TOOLS MANUFACTURERS' ASSOCIATION

**Highlights of Various Activities Initiated by MTMA**

- Organizing various Technology Up-gradation Programs
- Organizing various informative and awareness seminars at subsidized rates
- Group Participation of MTMA members in various Industrial Exhibitions at special prices
- Group visits of MTMA members in various National & International Industrial Exhibitions
- Organizing Rajkot Machine Tools Show (RMTS) with special prices for MTMA members
- Supports various Industrial Exhibitions
- Interactive meetings with various National & International delegations
- Distribution of Industrial Bearings at lowest possible prices exclusive for MTMA members
- Convey the voice of members to related Government bodies
- Social Contribution Activities
- Transparent administration

**MACHINE TOOLS MANUFACTURERS' ASSOCIATION**

44 - Shivanand Complex, Near Mehta Petrol Pump,
Dhebar Road, Rajkot- 360002 (Gujarat - India)

+91 281-2238708 | +91 72400 77400

info@mtmarajkot.org

www.mtmarajkot.org

www.facebook.com/groups/165606853495237/

https://twitter.com/mtmarajkot